

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*તન ને મનથી રહો તંદુરસ્ત, એ જ શુભેચ્છા,*
*ધન ને ધર્મથી રહો પ્રફુલ્લિત, એ જ શુભેચ્છા,*
*સુખને શાંતિથી ઉભરે જીવન, એ જ શુભેચ્છા,*
*નૂતન વર્ષે - સુપ્રભાતમ્‌ની છે શુભેચ્છા...*

હાઈકુ

*હો મુબારક*
*પરમાનંદ ભર્યું*
*નૂતન વર્ષ...*

*હૃદયપૂર્વક*
*મારા અભિનંદન*
*સૌને વંદન...*

### ચિંતન

**પ્રકૃતિ સંપદા હ્યનાયકમપિ, રાજ્યં નીયતે ।**

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

પ્રજા જો સમૃદ્ધ હોય તો શાસન-વીહીન રાજ્યનું શાસન પણ સુચારું ઢબે ચાલતું રહે છે.

પ્રજાનો વિચારશીલ, વ્યવહાર દક્ષ, સમજુ, સહનશીલ, ભાવનાશીલ, ઉત્સાહી અને માત્ર રાજ્ય તરફથી અપેક્ષા ન રાખનાર પણ દરેક જ્ઞાતિ-સમાજ-સંપ્રદાય પોતાના ભાંઈ-ભાંડુ પ્રત્યે પોતાના જવાબદારી સમજનાર હોય ત્યારે રાજ્ય તરફથી અપેક્ષા ઓછી રહે છે.

૨૦૦૧માં જ્યારે કચ્છમાં ધરતીકંપ થયો ત્યારે બધા પ્રદેશો ખાસ કરીને 'સ્થાનિક કચ્છી' ઓએ જાતે જ સેવાભાવથી એકમેકને સહાયભૂત થયા હતા. રાજ્ય સરકાર તો ફાઈલ પરની નોંધ અને નિર્ણયોમાં જ અટવાયેલી રહી ગઈ હતી.

ગુજરાતની શિસ્તપ્રિય અને શિક્ષિત પ્રજામાં ધાર્મિક સંસ્કારોને કારણે પછી પાંડુરંગજીના સ્વાધ્યાય હોય કે ગાયત્રી પરિવાર હોય કે જૈનોના વ્યાખ્યાન હોય. પ્રજાની ભાવુકતાને કારણે એકબીજાને મદદરુપ થયા હતા. હાલ પણ વિદેશ રહેતા ગુજરાતીઓ પણ પોતાનાં ગામ-સમાજની સેવા કરે છે. પરિણામે ગુજરાતમાં શાંતિ-એખલાસ જોવા મળે છે. શાસન ઢીલું પડે તો પણ પ્રજા જાતે ઊભી થઈ શકે તેમ છે. પ્રજા સંસ્કારી, શિક્ષિત, શિસ્તપ્રિય હોવી જોઈએ.

### સુવિચાર

- સ્વયં માટેનું અનુશાસન તે તપ... સર્વમાં ઈશ્વરની અભિવ્યક્તિનો સ્વીકાર તે યજ્ઞ...
  સંપર્કમાં આવે તેને શાંત વળે તેવું પ્રદાન એ દાન... - **ભદ્રાયુ વચ્છરાજાણી**
- જે લોકો તમને પર્સનલી નથી જાણતા એમની વાતોને પર્સનલી ન લેવી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- મારાં નસીબ સારાં નહોતા હું કેમ માનું ? પોઢ્યો હું રાત લઈને, જાગ્યો પ્રભા લઈને - **દિલહર સંઘવી**
- અપની લાઈફ કી સ્ટોરી કો કિસી મૂવી સે તુલના મત કરો,
  વો કિસી સ્ક્રિપ્ટ રાઈટરને લિખ્ખી હૈ ઔર આપકી ઉપરવાલા લિખ રહા હૈ - **બુદ્ધદેવ**
- સાધક જ્ઞાન વડે જીવનતત્ત્વોને જાણે છે - **મહાવીર**
- જે માનવી પુરાણા બંધોને નકામા સમજી તોડી નાખે છે તેને ઊભરાતા પૂરથી જે નુકશાન થાય છે તે સહન કર્યે જ છૂટકો - **બોધીવૃક્ષ**
- આજનું ઔષધ : ચાર ચમચી ગુલાબ જળ અને બે ચમચી દહીં મિક્સ કરી વાળમાં લગાવી ત્રીસ મીનીટ બાદ વાળ ધોવાથી ખોડો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બિરવરિયા નામની એક ઉચ્ચ વિચારોવાળી બાઈ હતી. તેના પતિનું નામ મહાત્મા રબ્બી હતું. રબ્બી પણ વિદ્વાન અને જ્ઞાની હતા. એમને બે પુત્રો હતા. જે પુત્રો પણ તેજસ્વી અને મેધાવી હતા. એકવાર બે દીકરા પહાડ પર ફરવા ગયા અને પગ લપસવાથી પડ્યા અને મૃત્યુ પામશે. લાશ ઘરે લાવ્યા. તે વખતે મહાત્મા રબ્બી ઘેર ન હતા. બાઈને તતક્ષણ ખૂબ દુઃખ થયું, પણ પછી વિચાર કર્યો કે, જન્મ-મરણનો પ્રવાહ રોકી શકાય તેવો નથી. ઉપરવાળાની મરજી હશે. જીવન અને મરણ તો સંસારનો નિયમ છે. લાગણીને કારણે દુઃખ થાય તે સ્વાભાવિક છે. પણ તેને સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. પતિ ઘરે ન હોવાથી શબને ઓરડામાં મૂકી રાખ્યા. જયારે મહાત્મા રબ્બી પાછા આવ્યા ત્યારે જાણે કંઈ બન્યું જ નથી એમ હસી ખુશીની વાત કરી. પતિએ પૂછ્યું, 'અરે, આપણા છોકરા કેમ દેખાતા નથી.' પત્નીએ કહ્યું, 'એ બંને બહાર ગયા છે પણ તમે મને એક જવાબ આપો કે 'આપણે ત્યાં કોઈની થાપણ પડી છે તો તેને પાછી આપી દઉં?' રબ્બી બોલ્યા. 'અત્યારે ને અત્યારે જ આપી દો.' ત્યારે બાઈ રબ્બીને પેલા ઓરડામાં મૂકેલા શબ પાસે લઈ ગઈ. રબ્બી શબ જોઈને મૂક બની ગયા. ત્યારે બાઈ બોલી.' ખુદાએ આપ્યા અને ખુદાએ લીધા એમાં આપણે શું ?' રબ્બી પત્નીનો અભિગમ અને જ્ઞાન જોઈ પ્રસન્ન થયા. આવી સ્ત્રીઓ જ ગૃહલક્ષ્મીઓ છે અને તે ઘરને શોભાવે છે.

# નવા વર્ષે નવો અવતાર સજીએ

**તંત્રીસ્થાનેથી...**

નવું વરસ તો દર વર્ષે દિવાળી પછીના દિવસે બેસતું જ હતું પણ આ નવું વરસ જરા જુદી ભાતનું છે. એક ઊંડા અવાવરું કૂવામાં ખાબક્યા પછી જાણે કોઈ અગોચર શક્તિએ વહાલથી હાથ પકડીને આપણને બહાર કાઢ્યા હોય એવું નથી લાગતું ? ગઈ દિવાળી કરતાં આ વરસની દિવાળી આપણે ઉચાટ વગર ઊજવી શક્યા એને એકી સાથે ભગવાન અને વિજ્ઞાનની સહિયારી કૃપા જ માનવી રહી. કોઈએ કલ્પના પણ નહોતી કરી કે એક અજાણ્યું વાઈરસ ઓચિંતુ જ આવી ચડીને આખી સૃષ્ટિને ઘમરોળી નાખશે. એ વુહાનની લેબોરેટરીમાં જન્મ્યુ હોય કે માનવીના મનમાં - હવે તો અમેરિકા જેવી મહાસત્તા પણ એના ઉદ્‌ગમનું પગેરું શોધતાં શોધતાં થાકી ગઈ છે. પરંતુ એક વાત સાચી કે એ કોઈ કાલ્પનિક બીમારી નહોતી. એ માનવીનો શ્વાસ રૂંધી નાખતી હતી, એના લોહીને થીજવી દેતી હતી અને ફેફસાંથી લઈ એનાં તમામ અંગો શિથિલ કે નિષ્ક્રિય થઈ જતાં હતા. એટલું ઓછું હોય એમ એના સાર્થક ઈલાજ પછી પણ કોઈ ને કોઈ પશ્ચાપ અસર રહી જતી હતી. દવાને કારણે ઘટી ગયેલી ઈમ્યુનિટી વળી મ્યુકોરમાઈકોસીસ જેવી બીજી ઘાતક બીમારીનો નોતરતી હતી. આવી પ્રચંડ વિભીષીકામાંથી હાલ તો આપણે ઉગરી ગયા હોઈએ એવું લાગે છે. એમાં પેલી રસી કારણભૂત હોઈ શકે છે. સાથે જ કોઈ પણ વિપરીત સંજોગો વખતે માનવીની અંતર્નિહિત ચેતના સક્રિય થઈ એને મરણતોલ બીમારી સામે પણ લડી લેવાની તાકાત આપે છે - એ પણ આપણે જાતે અનુભવ્યું અથવા બીમારીને માત આપી સાજા થયેલા સ્વજનો - મિત્રોના અનુભવ એમના જ સ્વમુખે સાંભળ્યા. આ બીમારીએ આપણને આયનો દેખાડી દીધો. આપણે આપણી જાતને સાચી રીતે ઓળખતા થયા એમ આપણી આસપાસ ચોવીસે કલાક ફેરફુદરડી ફરતા લોકો પણ 'ઓળખાઈ' ગયા. હવે આપણો 'નવો અવતાર' શરૂ થયો છે. આ વખતનું નવું વરસ જાણે આપણા 'પુનર્જન્મ'નો અવસર બનીને ઊગ્યું છે. સમય તો સતત સરતું શાશ્વત અજરામર પ્રાણી છે. એ હરહંમેશ નવો ને નવો રહે છે. સોનાની જેમ સમયને પણ કાટ લાગતો નથી. સમય માનવીને એની હેસિયત બતાવવા કયારેક 'મહાભારત'થી લઈ આધુનિક જમાનામાં વિશ્વયુદ્ધો બતાવતો રહ્યો છે તો કયારેક એને અંતરિક્ષમાં લટાર મારતો અને ચંદ્ર-મંગળ પર ઉતરાણ કરીને સૃષ્ટિના સર્જન સાથે સ્પર્ધા કરતો પ્રદર્શિત કરતો રહે છે. એના વિજ્ઞાન દ્વારા એ નવા સૂર્યોની શોધ પણ કરી લેશે, કદાચ પૃથ્વી પરથી ઉચાળા ભરીને અન્ય ગ્રહો પણ વસવાટ કરતો થઈ જશે. પરંતુ વળી પાછી એની સાન ઠેકાણે લાવવા કુદરત એકાદ કોરોના વાઈરસને છૂટું મૂકી દેશે ! આ ઘટના ચક્ર ચાલતું જ રહેવાનું છે એટલું સમજી લઈએ તો એથી થયેલ આઘાત જીરવીને ફરી પાછા આપણે આપણી મજાની દુનિયાને માણી શકીશું. સંવત ૨૦૭૮ના સૂર્યોદય ટાણે ચાલો આપણે વધુ સારા માનવી બનીને સત્ય-પ્રેમ-કરુણાના માંગલ્યમય જીવનપંથ પર પગરણ માંડીએ.

સૌને સાલ-મુબારક. નવા વરસની સૌને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ...

# અમર તારો લેખ લખાણો !





**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

સંત જલારામ બાપા (ઈ.સ. ૧૭૯૯-૧૮૭૦) ની જન્મજયંતી કારતક સુદ છઠ્ઠને દિવસે છે.

સૌરાષ્ટ્રમાં રાજકોટ શહેરની દક્ષિણ દિશાએ વીરપુરમાં એમનો જન્મ થયો. જન્મથી જ તેઓ ભક્તિના સંસ્કાર ધરાવતા. એટલે માતપિતાને ચિંતા થઈ કે 'આ સન્યાસી થઈ જશે' એટલે એમને નાની વયે પરણાવી દીધા. પત્નીનું નામ વીરબાઈ હતું. પરંતુ લગ્નને કારણે ભક્તિમાં કે જનસેવામાં કોઈ ઓટ ન આવી. ઊલટું વીરબાઈ બંનેમાં ભક્તિ અને સેવામાં - એમનો સતત પ્રોત્સાહન અને સાથ આપતા. પિતાએ એને હાટડીના બાપીકા ધંધામાં પળોટવાનો પ્રયત્ન કર્યો પણ એ ન ફાવ્યા. જલારામ યાત્રાએ નીકળી પડ્યા. પાછા ફર્યા પછી એમનો ભોજા ભગત સાથે સંપર્ક થયો. એમને ગુરુ પદે સ્થાપ્યા. જલારામને મન દરિદ્રો નારાયણ સ્વરુપ હતા. એમને સંતો અને દરિદ્રોની સેવા કરવી હતી. એટલે વીસમે વરસે એમણે સદાવ્રત શરૂ કર્યું. પછી તો લોકોનો પણ ઉમળકાભેર સહકાર મળતો થયો. પૂજ્ય બાપા માત્ર પોતાની વાણીથી જ દુઃખિયારાની પીડા હરી લેતા અને દુઃખો દૂર કરવા લાગ્યા. વીરપુરમાં બાપાનું મંદિર થયું અને પરમધામ તરીકે જાણીતું થયું. એમના અવસાન પછી પણ ગુજરાતમાં ગામેગામ એમના મંદિર અને સદાવ્રત કેન્દ્રો શરૂ થયા અને વિકસવા લાગ્યા.

ભક્ત કવિ ગોવિંદજીએ એમના વિષે સરસ ભક્તિગીત રચ્યું છે. એમાં ૧૯ પંક્તિઓ છે. એમાંથી કેટલાક અંશો અહીં પ્રસ્તુત છે :

(૧) જન્મ -

જલા તું તો અલ્લા કેવાણો, અમર તારો લેખ લખાણો

ગાગર જેવા વીરપુર ગામમાં, સાગર જેવડો સંત.

દશે દિશામાં ડંકો વગાડ્યો, કોણ પામે તારો અંત.

(૨) સ્વરુપ -

હિમગિરિ જેવી પાઘડી તારી ને, અમૃત ઝરતાં નેણ,

ભાવભીનું તારું મુખડું જાણે, બોલશે મીઠાં વેણ.

(૩) પ્રભાવ -

કુલ તાર્યું ને સેવકો તાર્યા, વળી તાર્યા માને બાપ.

જેને જેને તારો સંગ થયો, એના ધોવામણા પાપ અમાપ.

થાશે એવો કોણ લોહાણો, અમર તારો લેખ લખાણો.

(૪) કવિનું નામ :

ઠામે ઠામ તારી છબી નિહાળું ને, આંખડી શીતલ થાય,

જન તારા સૌ સુખી રહો દેવ, ગોવિંદજી એમ ગાય.

જલ મોંઘા મોતીનો દાણો, અમર તારો લેખ લખાણો.

ભક્તકવિ ગોવિંદજીના આ ભક્તિગીતનું શીર્ષક છે - 'અમર લેખ'

પૂજ્ય સંત જલારામ બાપાને માટે ભક્તિભાવ પ્રગટ કરતું અને એમના ચિરંજીવ પ્રદાનને પ્રગટ કરતું આ ઉત્તમ ભક્તિગીત છે. એમની જયંતિ નિમિત્તે એમને સાદર પ્રણામ.

# માણસની નાડી એક મિનિટમાં સામાન્ય રીતે કેટલા ધબકારા કરતી હોય છે?



**ખજાનો**
**અનિલ પટેલ**

### સામાન્ય જ્ઞાન

૧ મેલેરિયાની દવા ક્વિનાઈટ કયા વૃક્ષની છાલમાંથી બને છે?
(અ) પાઈન (બ) સિંકોના
(ક) પીચ (ડ) લીમડો

૨ કિલો વોટ શાનો એકમ છે?
(અ) વિદ્યુત દબાણ (બ) વિદ્યુત પ્રવાહ
(ક) વિદ્યુત અવરોધ (ડ) ઊર્જા

૩ કઈ ધાતુ પાણીના સંપર્કમાં આવતાં આગ લાગે છે?
(અ) ફોસ્ફોરસ (બ) ક્રોમિયમ
(ક) સોડિયમ (ડ) ઝીંક

૪ માણસની નાડી એક મિનિટમાં સામાન્ય રીતે કેટલા ધબકારા કરતી હોય છે?
(અ) ૬૫ (બ) ૭૨
(ક) ૮૦ (ડ) ૮૫

૫ દાંતના સડાને દૂર કરવા માટે વપરાતી ટૂથપેસ્ટમાં કયો પદાર્થ વપરાય છે?
(અ) સ્ટેનસ ફલોરાઈડ (બ) પોટેશિયમ
(ક) ટાર્ટરીક (ડ) સિલીકેટ

૬ આંગળાઓની છાપ પરથી વ્યક્તિની ઓળખ માટેના વિજ્ઞાનને શું કહે છે?
(અ) ડેકટીલોગ્રાફી (બ) પોલીગ્રાફી
(ક) સેન્ટ્રોગ્રાફી (ડ) ડેમોગ્રાફી

૭ નીચેનામાંથી કઈ ધાતુ સૌથી કઠણ છે?
(અ) સોનું (બ) લોખંડ
(ક) ટંગસ્ટન (ડ) પ્લુટોનિયમ

૮ કયુ સસ્તન પ્રાણી ઊડી શકે છે?
(અ) વ્હેલ (બ) શાહમૃગ
(ક) ચામાચીડિયું (ડ) મરઘી

૯ નીચેનામાંથી કયા વાયુનો બળતણ તરીકે ઉપયોગ થાય છે?
(અ) મિથેન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) સલ્ફર ડાયોકસાઈટ (ડ) નાઈટ્રોજન

૧૦ નીચેનામાંથી કયો વાયુ વાતાવરણમાં પ્રદૂષણ કરે છે?
(અ) ઓક્સિજન (બ) નાઈટ્રોજન
(ક) ઓર્ગોન (ડ) સલ્ફર ડાયોકસાઈડ

૧૧ ખોરાકને રાંધવાની પ્રક્રિયા દરમિયાન નીચેનામાંથી કયા તત્ત્વો મોટાભાગે નાશ પામે છે?
(અ) વિટામીન્સ (બ) પ્રોટીન્સ
(ક) કાર્બોહાઈડ્રેટસ (ડ) ખનીજ

૧૨ દાંતનો સખતમાં સખત પદાર્થ કયો હોય છે?
(અ) પ્રોટીન (બ) ઈનેમલ
(ક) ફોસ્ફરસ (ડ) કાર્બોહાઈડ્રેટ્સ

૧૩ સોડા લેમન જેવાં પીણા બનાવવા કયો વાયુ વપરાય છે?
(અ) નાઈટ્રોજન (બ) એમોનિયા
(ક) ઓક્સિજન (ડ) કાર્બન ડાયોકસાઈડ

૧૪ ટર્પેન્ટાઈન તેલ કયાં વૃક્ષમાંથી નીકળે છે?
(અ) સાગ (બ) પાઈન
(ક) નીલગીરી (ડ) ઓલિવ

૧૫ ગર્ભમાં વિકાસ પામી રહેલા બાળકનો ખ્યાલ નીચેનામાંથી કઈ પદ્ધતિ દ્વારા જાણી શકાય છે?
(અ) એક્સ-રે (બ) ગેમા - રે
(ક) અલ્ટ્રાસાઉન્ડ (ડ) અલ્ટાવાયોલેટ

### વિવિધા

**વિષય : સરદાર પટેલ સાહેબ સાથે જોડાયેલ મહત્ત્વની ઘટનાઓ**

- ૫ નવેમ્બર :
  અમેરિકન સોશિયલ અને લેબર લીડર ઓજીન વી ડેમ્સનો જન્મદિવસ (૧૯૮૩)
  ઈસરો દ્વારા પ્રથમ ઈન્ટર પોનેટરી એરક્રાફ્ટ ચંદ્રાયાન લોન્ચ કરવામાં આવ્યું (૨૦૧૩)
  ફ્રેન્કલીન ડી રુઝવેલ્ટ ત્રીજી વખત એમરિકન રાષ્ટ્રપ્રમુખ બન્યા (૧૯૮૦)
  ફ્રાન્સ અને બ્રિટને તુર્કી સાથે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે યુદ્ધની ઘોષણા કરી (૧૯૧૪)
  ૬ નવેમ્બર :
  અબ્રાહ્મ લીંકન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા (૧૮૬૦)
  કેનેડિયન - અમેરિકન એથલેટ્સ અને એજ્યુકેટર જેમ્સ નદસ્મીથનો જન્મદિવસ (૧૯૧૪)
- - મશહૂર પ્રોફેશનલ બેઝબોઝ ખેલાડી વોલ્ટર જહોન્સનો જન્મદિવસ (૧૮૮૭)
- - અરદેશર ફેરામજી (ખબરદાર)નો જન્મદિવસ (૧૮૮૧)
- ૭ નવેમ્બર : (બાલ સુરક્ષા દિવસ, રાષ્ટ્રીય કેન્સર અગ્રતતા દિવસ
- - દમદાર અભિનેત્રી નંદિતા દાસનો જન્મદિવસ (૧૯૬૯)
- - કલ્યાણજી વી. મહેતાની જન્મજયંતિ (૧૮૯૦)
- - કાયદાકીય પ્રક્રિયા બાદ જયોર્જ ડબલ્યુ બુશ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા (૨૦૦૦)
- - પોલીશ - બોર્ન ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી વૈજ્ઞાનિક મેરીક્યુરીનો જન્મદિવસ (૧૮૬૭)
- ૮ નવેમ્બર :
- - ફિલિપીન્સમાં સુપર ટાયફુન હરીકેન વાવાઝોડું ત્રાટક્યું (૨૦૧૩)
- - અમેરિકન ટેલિવિઝન પર્શનાલિટી એલેક્ષ ટ્રેબેકનું ૮૦ વર્ષની વયે અવસાન થયું (૨૦૨૦)
- - ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૫મા રાષ્ટ્રપ્રમુખ બન્યા (૨૦૧૬)
- ૯ નવેમ્બર : રાષ્ટ્રીય ન્યાય દિવસ / ઉત્તરાંચલનો સ્થાપના દિવસ
- - સાહિત્યકાર, મણીલાલ હ. પટેલનો જન્મદિવસ (૧૯૪૯)
- - જર્મની દ્વારા બર્લિનની દિવાલ ખુલ્લી મુકવામાં આવી (૧૯૮૯)
- - બ્રિટીશ ઓર્થર ડિવન થોમ્સનો જન્મદિવસ (૧૯૧૪)
- - ફોટો ઈલેકટ્રીક ઈફેક્ટની શોધ બદલ આલ્બર્ટ આઈન્સ્ટાઈનને નોબલ પારિતોષિક આપવાની જાહેરાત થઈ (૧૯૨૨)
- ૧૦ નવેમ્બર : વન પ્રકૃતિ દિવસ
- - ઈંગ્લીસ આર્ટીસ્ટ વિલિયમ હોગ્રોયનો જન્મદિવસ (૧૬૯૭)
- - જર્મન રાજનેતા અને પલ્લીશર હેલ્મર કમીડીટનું ૯૬ વર્ષની વયે અવસાન (૨૦૧૫)
- - શિવાજી મહારાજે અફઝલખાનનો વદ કર્યો (૧૯૫૯)
- - હોપ નામનો સૌથી મોટો બ્લ્યૂ ડાયમન્ડ રિમથમોનીયન ઈન્સ્ટીટયુટને વોંશિગ્ટન ડીસી ખાતે એનાયત કરાયો (૧૯૫૮)
- ૧૧ નવેમ્બર : રાષ્ટ્રીય શિક્ષણ દિન
- - પ્રથમ વિશ્વ યુદ્ધનો અંત આવ્યો (૧૯૧૮)
- - અમેરિકન એક્ટર અને પ્રોડ્યુસર લીયો નાર્ડો ડિકેપ્રિયોનો જન્મદિવસ (૧૯૭૪)
- - પેલેસ્ટાઈનના પ્રમુક આસર અરાફતનું અવસાન (૨૦૦૪)
- - સ્વાતંત્ર્ય સેનાની મૌલાના અબુલ કલામ આઝાદનો જન્મદિવસ (૧૮૮૮)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

હરિયાણાના કયા શહેરની વિધાનસભાની સીટની ચૂંટણી ખૂબ રોચક બની છે?

જવાબ : એનાલાબાદ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) જયેશ એલ સૂતરીયા : સે-૨૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) ઋજિત રાવલ : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પટેલ : કુડાસણ (૭) રુચિત એ પટેલ : રાંદેસણ (૮) હેત એન. જોષી : ચિલોડા

**આ સપ્તાહનો સવાલ**

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના કયા અધિકારી સામે આર્યનખાન કેસમાં વિવાદ થયો છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નવા વર્ષે નવા જૂની : અંકલની અનોખી ફિલોસોફી !!



**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**

આજે બેસતું વર્ષ. સૌને નવા વર્ષની શુભેચ્છાઓ. ગઈ રાત્રે ફટાકડાના ભારે ધૂમધડાકા અને ધૂમાડા સાથે વિક્રમ સંવતની ૨૦૭૭ની સાલને સૌએ 'ગુડ બાય.. ટાટા...ટાટા...' કર્યું અને નવા વર્ષના નવલા પ્રભાતે - નૂતન વર્ષની મંગળ સવારે વર્ષ ૨૦૭૮ને આપણે 'વેલકમ' કરી રહ્યા છીએ ત્યારે બધાંને નૂતન વર્ષાભિનંદન.

જોતજોતામાં કપરું - પીડાદાઈ ચિંતાજનક માહોલવાળું વર્ષ પસાર થઈ ગયું તે સારી વાત છે. આજે બેસતા વર્ષે ઈશ્વરને પ્રાર્તના કરીએ છીએ કે 'હે, પ્રભો ! હવે એ ગોઝારા કોરોનાવાળા ટાઈમને એની દુઃખદાયી યાદોને અમારા મગજ કોમ્પ્યુટરમાંથી 'ડિલીટ' કરી દેજો અને એવો 'ફ્રેશ' પ્રોગ્રામ 'ફીટ' કરજો કે જે 'ડાઉનલોડ' કરતાં જ અમને સુખમય, શાંતિમય, સ્વાસ્થ્યપૂર્ણ 'હેપ્પી હેપ્પી' નવું વર્ષ મળે... ભગવાન આપણી આ રીકવેસ્ટ જરૂર સ્વીકારશે પણ સામે આપણેય દેવાધિદેવને ખાતરી આપવી પડશે કે હવે અમે અમારાં ભૌતિક સુખ-સગવડ માટે થઈને કુદરતી સંપદાના હનન - ખનન - દોહન - શોષણમાં વિવેકભાન રાખીશું, પર્યાવરણનું જતન કરીશું... મતલબ કે અમે માનવીઓ 'સ્માર્ટનેસ' બતાવવાના બદલે હવે સખણા રહીશું - મર્યાદામાં જીવીશું - આપણાં હૃદય - મનની પાટી ઉપરના ક્રોધ-અહંકાર - સ્વાર્થ - છળકપટના ડાઘાડુઘી દૂર કરી, પ્રેમ-દયા-કરુણા-સહાનુભૂતિ - સમતા ને સંવેદનાના એકડા ઘૂંટીને ઘાટા કરવા નવા વર્ષે, સંકલ્પબદ્ધ થઈને એમાં જ 'સ્વ'ને 'સર્વ' ની ભલાઈ છે.

ગઈકાલે - દિવાળીની સુપ્રભાતે (અમારીં અહીં - લંડનની સવારે, ત્યાં ઈન્ડિયાના તો બપોરના બાર - એક વાગ્યે જ હોં !) અમે ફોન કરીને અંકલને વિશ કર્યું : 'હેપ્પી ન્યૂ ઈયર ઈન એડવાન્સ, લાલાકાકા....'

'તમને ય આગોતરાં જયશ્રી રામ, પનુભાઈ !' અંકલે સામે અમને ય વિશ કર્યું પણ કંઈક નવા અંદાજમાં અને પછી દિવાળીના સપરમા દહાડે પણ સ્વભાવગત રેડ અંકલે અમારો ઉધડો લઈ નાખ્યો : 'કેમ પનુભાઈ, પરદેશ ગયા તે માતૃભાષા ભૂલી ગયા ? આપણી સંસ્કૃતિ વિસરી ગયા ?'

અમને કંઈ સમજાયું નહીં એટલે પૂછ્યું : 'કેમ, અંકલ ?'

'કેમ શું ? અંગ્રેજીમાં વિશ કરો છો તેની વાત છે !' લાલાકાકા બોલ્યા.

'ઓહ... ના, અંકલ, એવું નથી. ત્યાં દેશમાં હતા ત્યારે ય અમે ઘણી વાર 'હેપ્પી ન્યૂ ઈયર' કહીને વિશ કરતા જ હતા ને.' અમે સ્પષ્ટતા કરી.

'ના, હવે એ નહીં ચાલે...' અંકલે કડક અવાજમાં આદેશ કર્યો.

'ભલે, તમને ના ગમ્યું હોય તો સાલ મુબારક... કહું ઓ.કે. ?'

'ના.... બિલકુલ નોટ ઓ.કે. સાલ મુબારક તો નહીં ચાલે... શુદ્ધ હિંદુત્વ સભર' નવા વર્ષની મંગલમય શુભેચ્છા' કહો... ના, ના.. પનુભાઈ, ફક્ત 'જય શ્રી રામ' કહેવાનું, સમજ્યા ?

'પણ અંકલ....'

'નો પણ બણ, પનુભાઈ. હમણાં હમણાં ભારતીય સંસ્કૃતિના હિત ચિંતકો અને હિંદુત્વના રક્ષકો દ્વારા નવા વર્ષની શુભેચ્છા 'જયશ્રી રામ' કહીને આપવાનો પ્રચાર કરાયો છે માટે...' અંકલે અમને પરિસ્થિતિ સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'ભલે, જયશ્રી રામ, અંકલ... પણ શું ફક્ત આવું બોલવા માત્રથી જ હિંદુ ધર્મની રક્ષા અને આપણી સંસ્કૃતિનું જતન - સંવર્ધન થઈ જશે ?' અમે પ્રશ્ન કર્યો. ઉત્તરમાં અંકલ ઉવાચ : 'શંકા ના કરો, સંકલ્પ કરો અને શુભ શરુાત કરો.... ક્રમે ક્રમે સૌ સારું થઈ જશે.'

'ઓ.કે...' અમે દિવાળીના શુભ દિને દલીલો કરીને વાતાવરણ અશુભ કરવાના બદલે 'સરન્ડર' કરી દેવામાં ડહાપણ માન્યું... થોડી ક્ષણો બંને પક્ષે ફોન ઉપર શાંતિ છવાયા પછી અમે ઈન્કવાયરી કરી : 'અંકલ, કાલે નવા વર્ષે તમારો શું પ્રોગ્રામ છે?'

'પનુભાઈ, નવા વર્ષની 'ગુડ મોર્નિંગ'માં બાજુવાળા પંચાલભાઈની કારમાં લટકી જઈ, તમારી અંકલી-સૉરી, કાકીને પંચદેવ મંદિરે દર્શન કરાવી આવીશ.'

'નવા વર્ષની સવારથી જ બધું બરોબર શરૂ, ખરું ને ?' એટલું અમે મનમાં બોલ્યા ને પછી કહ્યું : 'સરસ.... પછી ?'

'પછી આપણા ચોકઠામાં બે-ચાર ઘરે આશીર્વાદ - શુભેચ્છાઓ આપવા જવાનો પ્રોગ્રામ રાખ્યો છે.' રેડ અંકલે એણના પરભાર્યા પ્રોગ્રામનું ટાઈમ ટેબલ કહ્યું...

'અરે, અંકલ, તમે વડીલ ને સૌથી મોટા છો. તમારે બીજાના ઘરે સામેથી આશીર્વાદ આપવા જવાનું ના હોય. એ બધા તમારે ત્યાં પગે લાગવા આવશે. એમને મીઠું મોં કરાવી, આશીર્વાદ તમારે આપવાના અને સાવ નાનાં હોય એમને નવા વર્ષ નિમિત્તે દસ-વીસ રુપિયાની બક્ષીસ - બોણી પણ આપો તો સારું લાગે!' બધું બધે કાના માતર વગરનું (મફતિયું !) શોધતા અંકલને જરાય અનુકૂળ ના આવે એવી સલાહ અમે આપી.

'ના, ના.... પનુભાઈ, આપણને એવું વડીલપણું કે મોટાઈ જરાય નથી, હોં... હું મનમાં જરાય નથી રાખતો કે વડીલ શું તે બધાં આશીર્વાદ લેવા મારા ઘરે આવે. આપણે તો સામા પગલે એમને ત્યાં જઈને આશીર્વાદ આપી આપવામાં માનીએ છીએ.'

'ના.... કોઈ ઘરે આવે તો ઘસાવું પડે એના કરતા બીજાના ઘરે જઈને નાસ્તા-પાણી ઝાપટી આપવામાં જ માનો છો એમ કહો, કાકા મારા....' અમારાથી બોલાઈ ગયું... નસીબ સારું તે અપની ધૂન મેં મગન' અંકલે એ કડવી કોમેન્ટ કાને ના પડી. અમે વધારે ધોલાઈમાંથી બચી ગયા. વાતને વાળી લેવા પૂછ્યું : 'સરસ.... પછી શું કરશો ?'

'બપોરે તો આરામ... સાંજે વળી બીજાં ચાર-છ ઘરે આશીર્વાદ પાઠવવા જઈ આવશું...'

'હં... મતલબ સાંજે પણ બારોબાર ચા-નાસ્તા થકી પેટ પૂજા પતાવી દેવાની એટલે ઘરે પછી 'ડિનર' ની ઝંઝટ ના રહે, રાઈટ ?' વળી અમારાથી ધીરા સ્વરમાં કોમેન્ટ થઈ ગઈ...

'શું?' અંકલ બોલ્યા... 'કંઈ નહીં... અમે પૂછતા હતા કે અત્યારે શું કરો છો તમે ?'

'પનુભાઈ, બહુ અગત્યનું કામ કરતો હતો. નવા વર્ષે કયા સંકલ્પો કરવા તે વિચારતો હતો...'

'રહેવા દો અંકલ.... એકેય વર્ષ લીધેલા કોઈ સંકલ્પ પાળ્યા છે ખરાં તમે ?'

'તે હારી જવાની બીકે લડાઈ નહીં લડવાની હેં? પનુભાઈ દર નવા વર્ષે સંકલ્પ તો લેવાના જ.... આપણો તો સિદ્ધાંત છે કે 'નિશાન ચૂક માપ, નહીં નીચું નિશાન.' યાને ન પળાય તો કંઈ નહીં પણ ઊંચા સંકલ્પ તો કરવાના જ... ભાઈ, ઘોડે ચડે એ પડે, સમજ્યા ?'

'ના અંકલ, તમારી ફિલોસોફી અઘરી છે પણ એક વાત પૂછું ? આ બાબત તમને ક્યાંથી પ્રેરણા મળી છે?'

અંકલે કહ્યું : 'પળાય કે કામ ના થાય તોય વચનો આપનાર અને મોટી મોટી જાહેરાતો કરનારા આપણા નેતાઓ પાસેથી સ્તો...'

'હેં ?' સાંભળીને અમને આંચકો લાગ્યો ને જાણે ઈન્ટરનેટનેય ઝટકો લાગ્યો હોય એમ અમારો વોટ્સએપ કોલ ડિસકનેક્ટ થઈ ગયો !!